

કરવાચોથ વ્રત નિમિત્તે બજારમાં કરવા, કુમકુમ, ચોખા, દીવો, ચાળણી, ગોળ સહિતની પૂજા સામગ્રીઓની ખરીદીમાં જમાવટ રહી હતી. જેમાં સુંદર મજાની સજાવટ કરીને પૂજાની થાળી તૈયાર કરીને કરવા ચોથના વ્રત માટે વેપારીઓએ છેલ્લા પાંચેક દિવસથી બજારમાં ઉપલબ્ધ કરી મુકાઈ હતી. જેમાં કરવા ચોથમાં કરવાનું મહત્વ વધુ હોય છે. જેમાં વ્રત કરનારી મહિલાઓ ચોખા ભરીને પૂજા માટે તેનો ઉપયોગ કરે છે.

# ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલમાં પરમવીર ચક્રથી સન્માનિત યોગેન્દ્રજીની ઉપસ્થિતિ

## ગીતકાર સમીર અને અભિનેતા તુષાર કપૂર સહિત દેશભરના મહાનુભાવો હાજર રહ્યાં



ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં અમદાવાદ ખાતે ભવ્ય 'ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ' યોજાયો હતો જેમાં દેશભરમાંથી સાહિત્યકારો, લેખકો, કવિઓ-ગીતકાર તેમજ કલાકારો સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોમાં કારગિલ યુદ્ધના યોદ્ધા પરમવીર ચક્રથી સન્માનિત યોગેન્દ્રજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાહિત્ય કલાને અનુલક્ષી થલતેજ વિસ્તારમાં 'અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રના સાહિત્યકારો-કવિઓ ને પ્રોત્સાહીત કરવા આ ભવ્ય ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાવ્ય-સંગીત, માનવ-પ્રકૃતિ સંબંધ, સ્ત્રીનું પ્રભુત્વ, વિવિધ લેખકોની પ્રસ્તુતિઓ અને પુસ્તકોનું લોકાર્પણ, બાળ સાહિત્ય, ગુજરાતના ઉભરતા લેખકોની વાર્તા-મંતવ્યો રજુ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ થીમ પર માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સાહિત્યને પ્રભુત્વ આપવા આયોજિત 'ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ'માં કારગિલ યુદ્ધના યોદ્ધા પરમવીર ચક્રથી સન્માનિત યોગેન્દ્રજી ત્રણ વખત ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત કરનાર એવા પદ્મશ્રી સમ્માનિત એવા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ગીતકાર સમીર અન્જાન, બોલિવુડ અભિનેતા તુષાર કપૂર તેમજ દેશ-વિદેશના જાણીતા સાહિત્યકારો અને લેખકો સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગીતકાર સમીર દ્વારા શેર-શાયરી-વિવિધ ફિલ્મોના ગીતોને ગુનગુનાવ્યાં હતાં. ઉપસ્થિત કવિઓએ પણ કવિતાનો રસપાન કરાવ્યો હતો. સમારોહમાં ઉપસ્થિત શ્રેયા યાદવે મહિલાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી સશક્તિકરણ બનાવવા પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

### અમદાવાદ ગ્રીન એક્સપ્રેસ વેના વિરોધમાં

# ચિલોડા સર્કલ પાસે ખેડૂતોના ધરણાં ભારતમાલા પ્રોજેક્ટ રદ કરો

## છાલા, શોભાસણ અને ગલુદણ ગામના ધરતીપુત્રોની પોલીસે અટકાયત કરી મગોડી લઈ જવાયા



ગાંધીનગર,તા.૧૨

ભારતમાલા પ્રોજેક્ટના વિરોધમાં ચિલોડા સર્કલ પાસે ત્રણ ગામના ખેડુતોએ ધરણાં કર્યા હતા. ત્યારે પ્રતિક ઉપવાસ પર ઉતરતા જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી. ત્યારે ખેડુતોએ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. તમામ ખેડૂતોની અટકાયત કરી મગોડી લઈ જવાયા હતા.

છેલ્લા ઘણા સમયથી ભારતમાલા પ્રોજેક્ટના વિરોધમાં ખેડૂતો પ્રદર્શન કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર જિલ્લાના ૪૨ જેટલા ગામોની જમીન સંપાદન કરવામાં આવી છે. ત્યારે ખેડૂતોની મહામૂલી ફળદ્રુપ અને બારેમાસ સારી ઉપજ આપતી જમીનનું સંપાદન થતાં ખેડૂતો પાયમાલ થઈ ગયા છે તો ઘણા ખેડૂતો પાસે તો જેટલી જમીન છે તે પણ આ પ્રોજેક્ટ હેઠળ સંપાદિત થઈ જતા તે ખેડૂતો હવે ખેડૂતો પણ રહ્યા નથી. ત્યારે આ કારણે ખેડૂતો ઘણા સમયથી આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ખેડૂતો કોઈ પણ ભોગે જમીન આપવા તૈયાર નથી અને છેલ્લા ઘણા દિવસોથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમિયાન સત્યાગ્રહ છાવણી ખાતે પણ મહારેલી આયોજન કરવામાં આવ્યું હતું. એટલુ જ નહી મંત્રી સાથે મુલાકાતનો સમય પણ માંગવામાં આવ્યો હતો. પરંતુ કોઈ મંત્રી સાથે મુલાકાત ન થતાં આખરે હવે ખેડુતોએ ઉપવાસનો માર્ગ અપનાવ્યો છે.

અને હવે દરરોજ અસરગ્રસ્ત ત્રણ ત્રણ ગામના ખેડૂતો એ ધરણાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો ત્યારે આજે ચિલોડા સર્કલ પાસે છાલા, શોભાસણ અને ગલુદણ ગામના ખેડૂતો ધરણાં કર્યા હતા. ત્યારે તમામ ખેડૂતોની પોલીસે અટકાયત કરી લીધી હતી.

તો ખેડુતોએ પણ જીવ આપીશું પણ જમીન નહિ ના સૂત્રોચ્ચાર કર્યા હતા. તમામને મગોડી લઈ જવાયા હતા. તારીખ ૧૫મી સુધી વિવિધ ગામના ખેડૂતો ઉપવાસ કરશે.

# આજે સે.૨૨ ખાતે ભારતીય વિચાર મંચનું ચર્ચા સત્ર

ગાંધીનગર, તા.૧૨

ભારતીય વિચાર મંચ, ગાંધીનગર યુવા આયામ (યજ્ઞ) અને સ્ત્રી ચેતનાના સંયુક્ત ઉપક્રમે "ભારતનું ભુ-રાજનૈતિક મહત્વ- વર્તમાન અને ભવિષ્ય" વિષય ઉપર ચર્ચા સત્રનો કાર્યક્રમ તારીખ તા.૧૩મી ઓક્ટોબર ગુરુવાર, સાંજે ૬.૩૦ કલાકે સેક્ટર-૨૨માં વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે જેમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય- ગુજરાતના પ્રાધ્યાપક સુશ્રી પ્રીતિ શર્મા વક્તા તરીકે આવવાના છે. ગાંધીનગર શહેરના તમામ પ્રબુદ્ધ યુવાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ અંગે જાણકારી માટે ૭૦૧૬૯ ૪૬૦૬૮ મોબાઈલ નંબર પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.



ચૂંટણીની મોસમમાં વિવિધ વિકાસકાર્યોએ જાણે ફૂલ સ્પીડ પકડી છે. વિકાસકાર્યોની હારમાળા સર્જાઈ રહી છે. નવા રોડ-રસ્તા બનાવવાથી લઈને રીનોવેશનનું કામ ઠેર ઠેર ચાલી રહ્યુ છે. વોર્ડ નં. ૮માં વિવિધ આંગણવાડીના રીનોવેશનનું ખાતમુહૂર્ત કોર્પોરેટરોના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# દિવાળીમાં જરૂરિયાતમંદોને કપડાં વિતરણનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, સૌ કોઈ આ તહેવારમાં પોતાના પરિવારની ખુશીઓ ખીલી ઉઠે તે માટે ઘરમાં કપડાંથી માંડીને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યાં છે. જોકે આજની માઝા મુકી રહેલી મોંઘવારીમાં જેઓ રોજેરોજ મહેનત મજૂરી કરીને રોજનું બે ટંક પેટ માંડ ભરવા પામે છે તેવા જરૂરિયાતમંદ અને શ્રમજીવી પરિવારો માટે દિવાળીના તહેવારે બીજું બધુ તો ઠીક નવા કપડાં ખરીદવા અંગે પણ વિચારી શકતા નથી. આવા પરિવારોને શહેરના સેવા મારું જીવન પરિવાર તથા જીવનવધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ તરફથી દિવાળી પર્વ નિમિત્તે શ્રમજીવી પરિવારોને જૂનાં-નવા કપડાંનું નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવામાં જે વ્યક્તિઓ જૂના કે નવા કપડાંનું દાન આપવા ઈચ્છતા હોય તો તેમણે તારીખ ૧૫મી ઓક્ટોબર સુધીમાં સાંજે પાંચ વાગ્યા પહેલાં સેક્ટર-૧૬માં વિદ્યા લાઈબેરી ખાતે જમા કરાવવા જાણીતા યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દિવાળીમાં ગ્રામ્ય વિસ્તારમાં આકર્ષણરૂપ બનતો "ભવાઈ વેશ"

ગાંધીનગર, તા.૧૨

દિવાળીનો તહેવાર આવતાં જ ભવાઈના કાર્યક્રમ જોવા મળે છે. ગાંધીનગરના રાંદેસણ ગામમાં છેલ્લા આશરે પાંચસો વર્ષોથી ભવાઈનો કાર્યક્રમ યોજાતો આવ્યો છે. આ કાર્યક્રમ કોલવડાના નાયક પરિવારના સભ્યો દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે જેમાં ગામ સુખી થાય તે માટે માતાજીને પ્રાર્થના કરવામાં આવે છે. તેઓ ગામના દરેક ઘરમાં જ્યાં પુત્રનો જન્મ થયો હોય ત્યાં હાલરડાંનો કાર્યક્રમ પણ કરે છે. રાંદેસણમાં આયોજિત ભવાઈ વેશ કાર્યક્રમમાં ગુજરાત બાર એસોસિએશનના મેમ્બર શંકરસિંહ ગોહિલ, બનવરસિંહ ગોહિલ, દલપતસિંહ



વાઘેલા સહિત ગામના વડીલો, માતા-બહેનો, બાળકો અને ગ્રામવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે દિવાળીના તહેવાર દરમ્યાન ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભવાઈનું આયોજન જોવા મળે છે. ભવાઈ ?એ ગુજરાતનું એક પરંપરાગત લોકનાટ્ય સ?વરૂપ છે. ભવાઈમાં બધાં પાત્રો પુરુષો દ્વારા જ ભજવવામાં આવે છે જેમાં સ્ત્રી પાત્રો પણ પુરુષો જ ભજવે છે. તેમાં પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ?થાનિક કથાવસ?તુ પર ધ્યાન આપવામાં આવે છે. ભવાઈમાં મુખ્યત્વે ભૂંગળ, તબલા, ઝાંઝ, ઢોલક, મંજીરા અને સારંગી વગેરે વાજીંત્રો વપરાય છે. ભવાઈ મોટે ભાગે ખુલ?લા મેદાનમાં અથવા નાના ચોક જેવી જાહેર જગ્યાએ ભજવવામાં આવે છે. ભવાઈની મંડળીના કલાકારોના પ્રમુખને 'નાયક' તરીકે ઓળખવામાં આવે છે. તે નાટકની જરૂરીયાત મુજબ સંવાદો, સંગીત અને વેશભૂષા માટે નિર્દેશન આપે છે. ભવાઈના સંવાદો પહેલાથી નક્કી નથી હોતા પણ કલાકારો પ્રસંગ મુજબ જાતે જ સંવાદો બોલે છે અને સાથે સાથે નૃત?યમય શૈલીમાં અભિનય પણ કરે છે. ભવાઈના મુખ?ય પાત્રને 'રંગલો' કહેવામાં આવે છે.




ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગતિવિધિઓ વધી રહી છે. પોસ્ટર વોર શરૂ થઈ ચુક્યુ છે. વિવિધ રાજકીય પક્ષોના પોસ્ટરો શહેરમાં ઠેર ઠેર લાગી ચુક્યા છે. સૌથી જૂની રાજકીય પાર્ટી ઈન્ડીયન નેશનલ કોંગ્રેસના પોસ્ટરો ઠેર ઠેર લગાવાયા છે. કોંગ્રેસના રાજમાં થયેલા વિકાસકાર્યો અને તેના લાભોની જાહેરાત પોસ્ટરોમાં જોવા મળે છે.

# વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીમાં બીબીએ કોલેજનું એનએસએસ યુનિટ જોડાયુ

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન તેમજ વનશ્રી સંસ્થાના કાર્યકર્તાઓ ગુજરાત સરકાર આયોજિત વન્યપ્રાણી સપ્તાહ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં ડીએફઓ ડૉ. ચંદ્રેશ સનાન્દ્રે, વનશ્રી સંસ્થાના અંજનાબેન નિમાવત તેમજ આરએફઓ એચ.એમ. દેસાઈ વન વિભાગ તરફથી તેમજ સિવિલ ડિફેન્સ હોમગાર્ડ વિભાગના અધિકારી પ્રજાપતિ, સિવિલ ડિફેન્સ તરફથી પ્રીતિ મોદી, એસીએફ એ.ડી. ચૌધરી તેમજ સર્વ વિદ્યાલયના સ્કૂલ સંયોજક નટુભાઈ લાડાણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. 'વન્ય પ્રાણી મહોત્સવ'ને અનુલક્ષીને યોજાયેલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં બીબીએ કોલેજના ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી ઉત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ બાકીના વિદ્યાર્થીઓને પુસ્તકની કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### મનોરંજન સાથે 'મેસેજ' આપતી ફિલ્મ 'ખેડૂત-એક રક્ષક'

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતી ફિલ્મોમાં મનોરંજન સાથે 'મેસેજ' આપતી એક અલગ જ વિષય વસ્તુ ધરાવતી ફિલ્મ 'ખેડૂત-એક રક્ષક' દિવાળીના આનંદ-ઉલ્લાસમાં વધારો કરવા આવી રહી છે. મેસેજ-સાથે મનોરંજન આપતી ફિલ્મ બનાવવી એટલે જોખમ ખેડવા બરાબર અને આ જોખમ ખેડ્યું છે નિર્માતા ધર્મેશ શાહ અને રાજુ રાય સીંઘાનીએ 'મ્યુઝીક જંકસન'ના બેનરની ફિલ્મ 'ખેડૂત-એક રક્ષક'ના લેખક ગુરૂ પટેલ છે તો દિગ્દર્શક જીતુ પંડ્યા ફિલ્મમાં જગતના તાત ખેડૂતોના પ્રશ્નોને રજુ કરવામાં આવ્યા છે. સાથે સરકાર ખેડૂતોને કેવા કેવા લાભો આપે છે તેની પણ વાત કરવામાં આવી છે. આ લાભો અને સહાયની વાતથી હજુ પણ કેટલાય ખેડૂતો અજાણ છે.એક જબરજસ્ત એક્શન થ્રીલર સાથે કર્ણપ્રિય-ગીત-સંગીતના સથવારે ફિલ્મોમાં મુખ્ય અભિનય લોકપ્રિય કલાકાર વિક્રમ ઠાકોર સાથે શ્વેતા સેન, ટ્વીસા ભટ્ટ, હિતેષ રાવલ, જીતેન્દ્ર ઠક્કર, પુજા સોની સાથે એક અલગ જ કિરદારમાં રાગી જાની જોવા મળશે.

# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો વ્યાપ વધારવતી ડબલ એન્જિન સરકાર

## મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો રાજ્ય વ્યાપી પ્રારંભ થયાના ૧૦૦ દિવસમાં ૩.૩૮ લાખથી વધુ મહિલાઓને લાભ પહોંચાડાયો





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન રાજ્યની મહિલાઓના આરોગ્યમાં સુધાર લાવવા માટે તેમજ તેમને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે વિવિધ યોજનાઓ લાગુ કરી હતી. આ જ દિશામાં આગળ વધીને જૂન ૨૦૨૨માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યની ડબલ એન્જિન સરકાર દ્વારા 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' શરૂ કરવામાં આવી. ૧૮ જૂન, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રીન નરેન્દ્ર મોદીના હસ્તે આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો. યોજના શરૂ કર્યાથી અત્યાર સુધીમાં (વર્ષ ૨૦૨૨-૨૩) ૩,૩૮,૦૦૦ માતાઓ આ યોજનાનો લાભ લઈ ચૂકી છે.





મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ, એટલે કે કુલ ૧૦૦૦ દિવસના સમયગાળાને 'ફર્સ્ટ વિન્ડો ઓફ ઓપોર્ચ્યુનિટી' કહેવામાં આવે છે, જે સમય દરમિયાન માતા અને બાળકનું પોષણસ્તર સુદૃઢ બનાવવું જરૂરી છે. આ બાબતના મહત્વને સમજીને ભારત સરકારના 'પોષણ અભિયાન' અંતર્ગત માતા અને બાળકના આ ૧૦૦૦ દિવસ ઉપર ફોકસ કરવાનું જણાવવામાં આવ્યું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા આ ૧૦૦૦ દિવસ દરમિયાન સગર્ભા અને પ્રસૂતા માતાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉદ્દેશથી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' મંજૂર કરવામાં આવી.

વર્ષ ૨૦૨૨-૨૩માં તમામ પ્રથમ સગર્ભા અને પ્રથમ પ્રસૂતા માતા તથા આરોગ્ય વિભાગના સોફ્ટવેરમાં સગર્ભા તરીકે અથવા જન્મથી બે વર્ષના બાળકની માતા તરીકે નોંધાયેલ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને દર મહિને આંગણવાડી કેન્દ્ર પરથી રાશન તરીકે ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લિટર સીંગતેલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### પોષણસુધા યોજના



માતાના ગર્ભમાં રહેલ શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે 'પોષણ સુધા યોજના' ગુજરાતના આદિજાતિ વિસ્તારના પાંચ જિલ્લા (દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા) ના ૧૦ તાલુકાઓમાં અમલી બનાવી હતી. તેનું વિસ્તરણ કરીને જૂન ૨૦૨૨માં રાજ્યના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના કુલ ૧૦૬ તાલુકાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવી.

આ યોજના અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ પોષણક્ષમ ભોજન આપવામાં આવે છે. આ સાથે આયર્ન અને કેલ્શિયમની ગોળીઓ તેમજ આરોગ્ય અને પોષણ અંગે શિક્ષણ આપવામાં આવે છે. યોજનાના મોનીટરિંગ અને રિવ્યુ માટે વિશેષ મોબાઈલ એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં દોઢ લાખથી વધુ મહિલા લાભાર્થીઓએ આ યોજના હેઠળ લાભ મેળવ્યો છે.

રાજ્યની માતાઓ અને બાળકોના પોષણની સ્થિતિમાં સુધાર લાવવા માટે અને એક સુદૃઢ અને તંદુરસ્ત સમાજની રચના કરવા માટે ગુજરાત સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ સતત પ્રયત્નશીલ છે.